અપીલ અરજી નં.૩૨૪ તા .૫–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૩–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મજકુર મિલ્કત નં.૧૨/૨૪૦૯–૧૦ની એક માળની ભોંયતળીયા વગરનીને આર.સી.સી. સ્લેબ,બીમ અને પ્લીન્થ સહિત બાંધકામ કરેલ છે મજકુર બાંધકામના પ્લાનની મંજુરીની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૪/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૩–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મજકુર મિલ્કત નં.૧૨/૨૪૦૯–૧૦ની એક માળની ભોંયતળીયા વગરનીને આર.સી.સી. સ્લેબ,બીમ અને પ્લીન્થ સહિત બાંધકામ કરેલ છે મજકુર બાંધકામના પ્લાનની મંજુરીની માહિતીની નકલ વિ. મુદ્દા નં.(૧) થી (૮)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫–૧૦–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ પણ સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈસેલ/૯૩૬ તા.૧૪–૧૦–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૮૭ તા.૧૪–૧૦–૧૧ થી આપવામાં આવેલ માહિતીની નકલ અત્રે ટપાલ ધ્વારા મળેલ છે.

અરજદારની તા.૩–૯–૧૧ ની અરજીથી સૈયદપુરા માર્કેટની મિલ્કત નં.૧૨/૨૪૦૯–૧૦ ના બાંધકામ તેમજ લાયસન્સ બાબતેની માહિતી માંગતી મુદ્દા નં.૧ થી ૮ ની અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૪૦ તા.૫–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારી આરોગ્યને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદારે તા.૫–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ /આ.નં.૧૨૮૭ તા.૧૪–૧૦–૧૧ થી અરજદારને નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. અરજદારની અરજીના મુદ્દા નં.(૧) મજકુર મિલ્કત નં.૧૨/૨૪૦૯–૧૦ની એક માળની ભોંયતળીયા વગરનીને આર.સી.સી. સ્લેબ,બીમ અને પ્લીન્થ સહિત બાંધકામ કરેલ છે મજકુર બાંધકામના પ્લાનની મંજુરીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવુ જણાવેલ છે. (૨) મજકુર મિલ્કતના બીયુસી પ્રમાણપત્રની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવુ જણાવેલ છે. (૩) મજકુર મિલ્કતના મુદ્દા નં.૧ અનુસાર બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસરની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૪) મજકુર મિલ્કતના ગ્રાઉન્ડ ફલોર પર મુકદર ચીકન એન્ડ એગ્સ સેન્ટર તથા એકતા ચીકન સેન્ટર મિલ્કતધારક ચલાવે છે જેમાં એકતા ચીકન સેન્ટરની નોંધણી તા.૨૭–૧૦–૯૯ થી નોંધાયેલ હોય તેના વ્યવસાયવેરો તથા બંને શોપ્સના ગુમાસ્તાધારા અને આરોગ્ય પ્રમાણપત્રની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુકદર ચીકન એન્ડ એગ્સ સેન્ટરને આરોગ્ય વિભાગનો પરવાનો આપવામાં આવેલ છે. આ પરવાનો પરવાનેદારને આપવામાં આવે છે. જેથી તેની નકલ ઉપલબ્ધ થઈ શકે તેમ નથી. ગુમાસ્તાધારા વિભાગની દફતરી રેકર્ડ જોતાં સંસ્થાની માહિતી નીચે

મુજબ છે. (એ)(૧)સંસ્થાનું નામઃ– મુકદર ચીકન સેન્ટર (૨) માલિકનું નામઃ– જમીલ નુર મોહંમદ ચીચી (૩)કામકાજનો પ્રકારઃ– જીવીત મરઘી અને મટર મરઘીનું તેમજ ઈંડા વેચનાર (૪)સંસ્થાનું સરનામું :– ૧૨/૨૪૧૦ મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત. (૫ નોંધણી પ્રમાણપત્ર નં.:– સી.ઝેડ/ એસ૧૨/૨૧૩૫૩૦ (૬) નોંધણી તારીખઃ– ૨૫–૮–૦૮ (તા.૩૧–૧૨–૧૧ સુધી રીન્યુ) સદર સંસ્થાના માલિક ધ્વારા વ્યવસાય વેરા નોંધણી પ્રમાણપત્ર નં. PECO3CZ-79070 થી વર્ષ ૨૦૧૦–૧૧ સુધીનું વ્યવસાય વેરો ભરપાઈ કરેલ છે. (બી)(૧) સંસ્થાનું નામઃ– એકતા ચીકન સેન્ટર (૨) માલિકનું નામઃ–મણીલાલ ખુશાલદાસ કહાર (૩) કામકાજનો પ્રકારઃ– જીવિત મરઘી અને મટન મરઘીનું તથા ઠંડાપીણા વેચવાનું (૪) સંસ્થાનું સરનામુંઃ– ૧૨/૨૪૦૯ મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત. (૫) નોંધણીપ્રમાણપત્ર પત્ર નં.સી.ઝેડ/એસ૧૨ /૩૩૬૬ (૬) નોંધણી તારીખઃ– ૨૭–૧૦–૧૯૯૯ સુધી રીન્યુ સદર સંસ્થાના માલિક ધ્વારા વ્યવસાયવેરાની નોંધણી કરાવવામાં આવેલ ન હોવાનું માલુમ પડેલ છે. મુદ્દા નં.(૫) મજકુર મિલ્કતની શોપ્સમાં મરેલા મરઘા, ગંદવાડ સૈયદપુરા માર્કેટના કન્ટેનરમાં નાંખી રાહદારીઓ અને અહીંના દુકાનદારોના આરોગ્ય સાથે ચેડા કરે છે જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૬) મજકુર મિલ્કત ગેરકાયદેસર હોય, જેનું બાંધકામ પણ ગેરકાયદેસર થયેલ હોય જેથી એસએમસીના જવાબદાર અધિકારીએ રૂબરૂ સ્થળ નિરીક્ષણ કર્યા બાદ માહિતીની નકલ આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૭) મજકુર મિલ્કતનું બાંધકામ ગેરકાયદેસર થયેલું હોય જેથી સને ૧૯૪૯ ના બીપીએમસી એકટની કલમ–૨૬૦ અનુસાર મિલ્કતનું ડીમોલીશન કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતિ જણાતી નથી. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૮) મજકુર મિલ્કતધારકે રસ્તા માર્જીનના અંશતઃ પ્લાન મુજબ આગળની બે ફુટ અને સાઈટના પૂર્વ ભાગથી ૧૦ ફુટ પર ગેરકાયદેસર બાંધકામ કરેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવુ જણાવેલ છે. આમ અરજદારને માંગેલી માહિતીના મુદ્દા નં.૧ થી ૮ ની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારે મુદ્દા નં.૬ માં સ્થળ તપાસ કરી માહિતી પૂરી પાડવાનો આગ્રહ રાખેલ છે. જે આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) તથા ૨(જે) સાથે સુસંગત નથી. આમ આ સિવાયની અરજદારને માહિતી પૂરી પાડેલ હોઈ અપીલ તબકકે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારે અપીલ સાથે સરખા વિષય વસ્તુ અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/આ.નં.૬૨૪ તા.૫–૮–૧૦ થી આપેલ માહિતીની નકલ રજૂ કરેલ છે. જેમાં આપેલ માહિતી અને ૩–૯–૧૧ ની આપેલ મુદ્દા નં.૪ ની માહિતી વિસંગત હોવાનું જણાય છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૦–૬–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને મુદ્દા નં.૪ ના વિભાગના એ ના ક્રમાંક ૬ માં નોંધણી તારીખ ૨૫–૮–૦૮ જયારે અગાઉ તા.૨૫–૬–૦૮ જણાવેલ છે. તથા વિભાગ– બી માં નોંધણી પ્રમાણપત્ર નંબર બાબતે સી.ઝેડ/એસ./૧૨/૩૩૬૬ જણાવેલ છે અગાઉ સી.ઝેડ/એસ.૧૨/૩૩૬૦ જણાવેલ છે. જે અરજદારને અગાઉ ૧૨ /૩૩૬૦ આપેલી માહિતી બાબતે વિસંગતતા ધરાવતો હોઈ તે બાબત અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ લાગત દફતરની તપાસણી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ વિના મૂલ્યે પૂરી પાડી દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ઈ.ચા.ડે.કમિ(હેઅનેહો) અને આરોગ્ય અીધકારી અને જાહેર માહિતી અધિકારી .....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,